# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-02-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# RAJKOT DEMOLITION UDPATE

રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં મોટાપાયે ગેરકાયદે દબાણને હટાવવાની મહાનગરપાલિકાની કામગીરી આજે પણ ચાલી રહી છે. ગઈકાલે આ વિસ્તારમાં ગેરકાયદે એક હજાર 119 જેટલા મકાનને તોડી પડાયા હતા. આ અંગે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર મહેશ જાનીએ વધુ માહિતી આપી.

(BYTE: MAHESH JANI, DEPUTY MUNICIPAL COMMISSIONER, SMC)

રાજકોટના DCP ઝોન-એક હેતલ પટેલે કહ્યું, ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ગેરકાયદે દબાણ હટાવવામાં આવી રહ્યું છે.

(BYTE: HETAL PATEL, DCP ZONE 1, RAJKOT)

. . . . . . . . . . . . . .

# Swadeshi melo gir somnath

ગીર સોમનાથના સૂત્રાપાડા નગરપાલિકા વિસ્તારમાં સ્વદેશી મેળો યોજાયો. જેમાં વોકલ ફોર લોકલને પ્રાધાન્ય આપતા સૂત્રાપાડાનાં

વર્ષાબહેન વાવણી હસ્તકળા અને ભરત ગૂંથણની કળાના ઉત્પાદનોથી આત્મનિર્ભર બની રહ્યા છે. સ્વદેશી મેળાથી નાના કારીગરો આત્મ નિર્ભર બની રહયા હોવાનું તેમણે કહ્યું હતું.

(BYTE – VARSHABEN VANVI)

. . . . . . . . . . . . . .

# TAPI ACCIDENT

મહારાષ્ટ્રના વિસરવાડી રાજમાર્ગ પર એક કારચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા અકસ્માત થયાના અહેવાલ છે. તાપીના અમારા પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે કે, આ કારમાં સવાર સોનગઢ તાલુકાના બે યુવક ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતા તેમને હૉસ્પિટલ ખસેડાયા છે.

. . . . . . . . . . . . . .

# DAMAN- KHELO INDIA

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં ખેલો ઇન્ડિયા અભિયાન અંતર્ગત વેસ્ટ ઝોન પેનકેક સિલાટ લીગનું આયોજન કરાયું છે.

આ સ્પર્ધામાં ગુજરાત, ગોવા, મહારાષ્ટ્ર, રાજસ્થાન, સંઘ પ્રદેશ અને મધ્યપ્રદેશમાંથી 600થી વધુ ખેલાડીએ ભાગ લીધો છે. બે દિવસ

યોજાનારી આ સ્પર્ધામાં પશ્ચિમ ઝોનના ખેલાડીઓને પોતાની પ્રતિભા રજૂ કરવાની તક અને દમણમાં રમતગમતના વિકાસને વધુ વેગ મળશે.

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં દીવ, દમણ અને દાદરા નગર હવેલી સહિત અનેક વિસ્તારોમાં આજે વરસાદ થવાની શક્યતા છે.

સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત અને તાપી જિલ્લામાં હળવો થી મધ્યમ, જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં મોરબી અને જામનગર જિલ્લામાં ગાજવીજ સાથે હળવો વરસાદ થવાની આગાહી છે. જ્યારે અમદાવાદ, સુરેન્દ્રનગર, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી અને કચ્છ જિલ્લામાં હવામાન સામાન્ય રીતે સૂકું રહેવાની અથવા ઓછા વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડો.એ.કે.દાસે જણાવ્યું.

હવામાન વિભાગે આગામી 24 કલાક દરમિયાન તાપમાનમાં અંદાજે 2 થી 3 ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટાડો થવાની અને આવતીકાલથી રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ફરીથી સૂકું હવામાન રહેવાની શક્યતા વ્યક્ત કરી છે.

. . . . . . . . . . . . .

# Cluster Based Training Narmada

નર્મદા જિલ્લામાં કૃષિ વિભાગ હેઠળના આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા ત્રણ ગ્રામ પંચાયત દીઠ ક્લસ્ટર આધારિત તાલીમ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. વિવિધ તાલુકામાં યોજાયેલા આ કાર્યક્રમોમાં ખેડૂતોને રાસાયણમુક્ત ખેતી, ખર્ચ ઘટાડો અને જમીનની ઉત્પાદકતા વધારવાના વિવિધ પાસાઓ અંગે માર્ગદર્શન અપાયું.

આ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેલા ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ અપનાવી જમીનની ઉત્પાદકતા વધારવા તથા ઉત્પાદન ખર્ચ ઘટાડવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. જિલ્લા કૃષિ વિભાગ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ પ્રેરિત કરવા સતત માર્ગદર્શન અને સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . .

## Vrindavan Gauchar..Mehesana

મહેસાણાના વડનગરમાં વૃંદાવન ગૌચર વિકસાવવામાં આવશે. જે માટે નગરપાલિકાની માગણી મુજબ 15 વિઘા જમીન ફાળવવામાં આવી છે. અંદાજે 15 કરોડ રૂપિયાના ખર્ચે બનનાર ગૌચરમાં રખડતી ગાયોને રાખવા તબેલો, પીવાનું પાણી, સ્વચ્છતા તેમજ પશુઓની બીમારીની સારવાર અને નિદાન માટેની હોસ્પિટલ સાથે ઘાસચારાની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવાશે.

. . . . . . . . . . . . .

## Arms Firing Practice

કચ્છમાં ભુજ તાલુકાના હરીપરના ફાયરિંગ બટ ઉપર આવતીકાલથી ત્રણ દિવસ આર્મ્સ ફાયરિંગ પ્રેક્ટિસ યોજાશે.

જેથી અહીં કોઇપણ વ્યક્તિઓએ અથવા પશુઓને પ્રવેશવા દેવા પર મનાઈ ફરમાવવામાં આવી છે. તેમ છતાં કોઇપણ વ્યક્તિ ફાયરિંગ રેન્જમાં આવશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરાશે. ફાયરિંગ પ્રેક્ટિસના લીધે કોઈપણ વ્યક્તિને કે પશુઓને કોઇ નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વ્યક્તિની રહેશે તેમ સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.

. . . . . . . . . . . . .